અપીલ અરજી નં.૧૧૭ તા.૯–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૮–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) આ સાથે જોડેલા પાના નં.૧ થી ૪ મુજબ પાના નં.૪ ની સર્વે નં. મુજબની જમીન ઉપર હાલ કયા પ્રકારનું બાંધકામ છે. જમીનના કબજેદાર માલિકના નામ,ખુલ્લી જમીન હોય તો તેની સંપૂર્ણ વિ. આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૨ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૯–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૧૭/૨૦૧૧–૧૨

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૮–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) આ સાથે જોડેલા પાના નં.૧ થી ૪ મુજબ પાના નં.૪ ની સર્વે નં. મુજબની જમીન ઉપર હાલ કયા પ્રકારનું બાંધકામ છે. જમીનના કબજેદાર માલિકના નામ,ખુલ્લી જમીન હોય તો તેની સંપૂર્ણ વિ. આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૨ ની માહિતિ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૧ તા.૧૭–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૯૨ તા.૨૪–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૯૯ તા.૧૭–૫–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૭–૩–૦૯ ની અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૮–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ અરજી સાથે જોડેલ પાના નં.૧ થી ૪ મુજબ પાના નં.૪ નો સર્વે નં.બ્લોક નંબર મુજબની જમીન ઉપર હાલ કયા કયા પ્રકારના બાંધકામ છે જમીનના કબ્જેદાર માલિકના નામ ખુલ્લી જમીન હોય તો તેની સંપૂર્ણ વિગતો. (પાના નં.૪ ઉપર અરજદારની તા.૭–૩–૦૯ ની અરજીની મુદ્દા નં.૧.૧ થી ૧.૨૮) ની વિગતો છે. (૨.૧) સીટી સર્વે નં.૨૩૩૩/અ/૨/૨૦,૨૧,૨૨,૨૩ (૧.૨ )સીટી સર્વે નં.૨૩૩૩/અ/૨/ ૨૦,૨૧,૨૨,૨૩ (૧ .૩) સીટી સર્વે નં.૨૩૩૩/અ/૨/૬,૨૩૩૩/અ/૨/૯(૧.૪) સર્વે નં.૩૮૨ પૈકી (અડાજણ–૧૩) (૧.૫) જીઆવ તા.ચોર્યાસી બ્લોક નં.૪૮૨ (૧.૬) સારોલી સ.નં.૩/૨/૧ બ્લોક નં.૧૯ (૧.૭) મજુરા ચોર્યાસી સી.સ.નં.૩૧૯(૧.૮) મજુરા, ચોર્યાસી ૧૩૨/૧ પૈકી સી.સ. નં.૩૨૦, મજુરા, બ્લોક નં.૩૧૯(૧.૯) પાલનપોર સ.ન.૧૩૭ બ્લોક નં.(૧.૧૦) ભટાર સર્વે નં.૧૦૮(૧.૧૧) કતારગામ સ.ન.૫ (૧.૧૨) કોસાડ સર્વે નં.૮૬૪/૧ (૧.૧૩) રાંદેર સર્વે નં.૨૩૯ડી(૧.૧૪) ડુંભાલ–૫૯/૨ પૈકી (૧.૧૫) ઉમરવાડા સ.ન.૯,૧૧–એ, ૧૧–બી, ૧૨,૧૪(૧.૧૬) સી.સ. નં.૨૩૩૩/અ/૨/૧ ૫ સલાબતપુરા (૧.૧૭) સી.સ. નં.૨૩૩૩/અ/૨/૧૭ સલાબતપુરા (૧.૧૮) સી.સ. નં.૨૩૩૩૧અ/૨/૧૬ સલાબતપુરા (૧.૧૯) મજુરા–સી. સ. નં.૩૦૧, સી.સ. નં.૨૨૬(૧.૨૦) છાપરાભાઠા સ.નં.૮૦/૩ બ્લોક નં.૧૮૨ પૈકી (૧.૨૧) મજુરા સી.સ. નં.૨૫૧ સી.સ. નં.૨૪૭ પૈકી સી. સ. નં.૨૨૭, સી.સ. નં.૨૦૪ (૧.૨૨) રાંદેર સર્વે નં.૩૪૦ પૈકી (૧.૨૩) ભેસ્તાન નોંધ નં.૧૦૭ પૈકી (૧.૨૪) મજુરા સી.સ. નં.૨૨૦(૧.૨૫) જહાંગીરપુરા સ નં. ૧૧૨ બ્લોક નં.–૧૧૫(૧.૨૬) ડુમ્મસ સર્વે નં.૧૦૪ (૧.૨૭) કતારગામ સર્વે નં.૧૭૫/૧,૧૭૫/૩(૧.૨૮) વેસુ જુ. સ.નં.૩૮ ન.સ.ન.૨૯ જયારે મુદ્દા નં.૨ માં ઉપર મુજબની વિગતે માહિતીમાં સીટી સર્વે નં.૨૪૭(મજુરા) સીટીના બ્લોક નં.૪૮૨ જીઆવ સીટીના બ્લોક નં.૧૩૭ (પાલનપોર) સર્વે નં.૮૦/૩ બ્લોક નં.૧૮૨ (છપારાભાઠા) , સીટી સર્વે નં.૩૦૧ (મજુરા) સીટીના સર્વે નં.૧૭૩/૩ તથા ૧ ૭૫ વાળી જમીન કતારગામ, સર્વે નં.૧૦૪ વાળી જમીન ડુમ્મસ, ગામતળ મિલ્કત નં.૮૬૪ કોસાડ, સીટી સ. નં. ૫ કતારગામ, સીટી સર્વે નં.૫૯/૨ ડુંભાલ, રે.સ. નં.૧૦, ભટાર, રે.સ. નં.૩૮૩ પૈકી અડાજણ, સીટી સર્વે નં.૧૦૭, ભેસ્તાન, રે.સ. નં.૩/૨/૧ બ્લોક નં.૧૯ સારોલી, રે.સ. નં.૧૩૨/૧ મજુરા, સીટી સર્વે નં.૨૬૫ મજુરા, સીટી સર્વે નં.૩૨૦ મજુરા, સર્વે નં.૨૬૭ રાંદેર સર્વે નં.૩૫૮ પૈકી શાંતિવન સોસા. અડાજણ. આમ અરજદારે મુદ્દા નં.૧ માં જણાવેલ મિલ્કતોની વિગતો મુદ્દા નં.૨ માં મોટા ભાગની જણાવેલ છે. જેમાં ફકત મિલ્કત નંબર સર્વે નં.૨૭૬ (રાંદેર) અને સર્વે નં.૩૫૮ પૈકી શાંતિવન સોસા. (અડાજણ) બે મિલ્કતો વધારાની જણાવેલ છે.

અરજદારની તા.૨૮–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ અને ૨ સરખા વિષય વસ્તુ અંગે તા.૭–૩–૦૯ ના રોજ કરેલી અરજીની સરખી વિગતે અરજદારે તા. ૨૮–૪–૧૧ થી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે અંગે નિર્દિષ્ટ સમયગાળા માહિતી નહીં મળ્યા હોવાનું જણાવી અરજદારે તા.૯–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. સદર અરજીથી પણ સરખી વિગતે માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અગાઉની તા.૭–૩–૦૯ ની અરજી સંદર્ભે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આ.નં.૯૦૮૨ તા.૨૦–૩–૦૯ થી (૧) સીટી સર્વે સુપ્રિ. બ્લોક –એ, બહુમાળી મકાન, સુરત (૨) પ્રવર નગર નિયોજક, સુરત શહેર વિકાસ સત્તા મંડળ કચેરી, સુડાભવન, નાનપરા, સુરતને તથા કાર્યપાલક ઈજનેર તમામઝોનને અરજી તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧.૫ અને ૧.૨૩ ની જણાવેલ. જેના સંદર્ભે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૯૯ તા.૧૭–૫–૧૧ થી જણાવેલ મિલ્કત અંગે ઉધનાઝોન કચેરીમાં રેકર્ડ ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી. તેવું તા.૨૯–૪–૧૧ ની અરજી સંદર્ભે જણાવવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અરજદારની તા.૨૮–૪–૧૧ ની અરજી સંદર્ભે ફકત મુદ્દા નં.૧.૫ અને ૧.૨૩ ની માહિતી આપેલ છે પરંતુ અન્ય મુદ્દાઓ અંગે લાગત સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ કરેલ જણાતી નથી. અથવા તો તેવી માહિતી અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી. આમ જાહેર માહિતી અધિકારીએ પોતાને મળેલી અરજી પોતાના કાર્યક્ષેત્ર હેઠળ ન હોય તો આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ લાગત સત્તા મંડળને દિન–૫ માં તબદીલ કરવાની રહે છે જે જાહેર માહિતી અધિકારી તરફથી કરવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીના કાર્યક્ષેત્ર બહારની કે અન્ય જાહેર સત્તા મંડળને સ્પર્શતી માહિતી માટે તબદીલ નહીં થયેલ મુદ્દા પૂરતું આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ અરજદારની જાણ હેઠળ દિન–૫ માં તેવી રીતે તબદીલ કરવા અને થયેલી કાર્યવાહીની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામા આવે છે. તથા અરજી નિયમ અનુસાર તબદીલ થાય તે અંગે કાળજી લેવા જાહેર માહિતી અધિકારીને સૂચિત કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,